
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



દબાણ આપણાં શહેરની જાણે ખાસીયત બની ગઈ છે. સે. ૨૧ હોય કે સે. ૭ પાથરણાં વાળા બધે અડ્ડો જમાવી દે છે. સ્થાનિક વેપારીઓનો રોષ કોઈને ધ્યાને પડતો નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧માં જિલ્લાનું ૯૮.૭૧ ટકા પરિણામ

## જિલ્લામાંથી ૫૬૯૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ૩૫ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૩માં લેવાયેલી ધો-૧૧ સેમેસ્ટર-૧ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાનું ૮૯.૭૧ ટકા પરિણામ આવ્યું છે. જિલ્લામાંથી ૫૬૯૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૩૫ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ થયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩નું પરિણામ જાહેર થયા બાદ આજે ધો-૧૧ સેમેસ્ટર-૧નું પરિણામ જાહેર કરાયું હતું. સેમેસ્ટર-૧ની કસોટી માટે જિલ્લામાંથી ૫૭૦૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જયારે આ પૈકી ૫૬૯૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૫ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે ૩૦૦ વિદ્યાર્થીઓનો એ-૨ ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત ૮૦૧ વિદ્યાર્થીઓ બી-વન ગ્રેડમાં અને ૧૩૮૮ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. કેન્દ્રવાર પરિણામ પર નજર કરીએ તો ગાંધીનગર કેન્દ્ર પરથી ૪૦૮૯ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૪૦૮૭એ પરીક્ષા આપી હતી. જયારે ૩૨ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત ૨૫૨ એ-૨ ગ્રેડ, ૬૪૫ બી-૧ ગ્રેડ અને ૧૦૩૧ વિદ્યાર્થીઓનો બી-૨ ગ્રેડમાં સમાવેશ થયો છે. ચાંદખેડા કેન્દ્રમાંથી પણ ૬૫૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. કલોલ કેન્દ્રમાંથી ૬૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જો કે આ પૈકી એક પણ વિદ્યાર્થીને એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું નથી. જયારે માણસા કેન્દ્રમાંથી પણ ૩૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સમગ્રરાજયમાંથી ૧,૨૮,૮૪૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે બોર્ડ દ્વારા ૪૬ વિદ્યાર્થીઓનું પરિણામ ગેરરીતિના વિવિધ કારણોસર અનામત રાખવામાંઆવ્યુંહતું. જિલ્લાનુંપરિણામ ૯૮.૭૧ ટકા આવ્યું છે.

### કઈ શાળાના કેટલા વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં

| | |
|---|---|
| સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર | ૧૦ |
| સેન્ટ ઝેવિયર્સ | ૭ |
| ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | ૫ |
| સ્કૂલ ઓફ એચિવર કુડાસણ | ૨ |
| સે. ૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૧ |
| સે. ૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલ | ૧ |

### સ્કૂલ ટીચીંગ અને મેનેજમેન્ટ પરિણામ માટે જવાબદાર : જેનીશ

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર સરગાસણના વિદ્યાર્થી જેનીશ કે. પટેલે ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧માં જિલ્લામાં નોંધપાત્ર પરિણામ પ્રાપ્ત કર્યું છે. એ-વન ગ્રેડમાં સ્થાન મેળવનાર જેનીશે પોતાના ઉજ્જવળ પરિણામ માટે સ્કૂલ ટીચીંગ અને મેનેજમેન્ટને બિરદાવ્યા છે. જેનીશે ફીઝીક્સમાં-૧૦૦, બાયોલોજીમાં-૯૯ તેમજ કેમેસ્ટ્રીમાં ૯૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. ૯૯.૮ ટકા પર્સન્ટાઈલ સાથે જેનીશે એ-વન ગ્રેડની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેના જણાવ્યા મુજબ, શાળાના વિષય શિક્ષકોના માર્ગદર્શન, નિયમિત પરીક્ષા અને સતત રીવીઝનના લીધે ઉત્તમ પરિણામ મળ્યું છે. સેમિસ્ટર પદ્ધતિમાં સમય ઓછો અને કોર્ષ કન્ટેન્ટ વધુ હોય છે. ત્યારે ડીફીકલ્ટીઝ નિવારવા શાળાના શિક્ષકો વધુ રસ લે છે. ટ્યુશન વગર શ્રેષ્ઠ શિક્ષણ હાંસલ કરવા માટે સહજાનંદ શાળાના શિક્ષકો ઉજ્જવળ પરિણામ માટે જવાબદાર છે.

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સિવિલ સર્જન ડૉ. ભરત પટેલ એક વર્કશોપમાં હાજરી આપવા બેંગ્લોર ગયા છે.
- સે. ૮માં આજે રાત્રે વીજ પુરવઠો ખોરવાતા ટોરેન્ટ પાવર કંપનીમાં ફોનની ઘંટડીઓ રણકી ઉઠી હતી.
- ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે કોંગ્રેસી ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુતના દિકરાના લગ્ન નિમિત્તે સત્કાર સમારોહ યોજાયો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પદાધિકારીઓ માટે મહાત્મા ગાંધી રોજગાર અધિનિયમના અમલીકરણને લઈ ખાસ બેઠક યોજવામાં આવી છે.
- જાણીતા ઓર્થોપેડીક સર્જન ડૉ. વિજય ઉપાધ્યાયના દિકરા નિશાંતના લગ્ન પ્રસંગે યોજાયેલ જલસો કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું.
- ઠંડીનો માહોલ જામતાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે. સાથે રવિ સીઝનની વાવણી પણ વેગીલી બની છે.
- જાણીતા ઉદ્યોગપતિ એન. પી. પટેલની દીકરી ખ્યાતિના સગપણ નિમિત્તે મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજની કરૂણાંતિક ઘટનામાં વિદ્યાર્થીના પરિવારને પંચાયત રૂ. ૫૦ હજારની ખાસ સહાય આપશે

## એન.એસ.યુ.આઈ. એ સમગ્ર ઘટના અંગે મેજીસ્ટ્રીયલ તપાસની માંગ કરી : તંત્ર એ આચાર્ય અને તબીબી અધિકારીને નોટીસ ફટકારી

ગાંધીનગર, તા.૧૨

અડાલજ પ્રા. શાળામાં ભણતા બાળક નરેન્દ્ર દંતાણીના ગઈ કાલે થયેલ અવસાન બાદ આજે જિલ્લા પંચાયતે ખાસ કિસ્સામાં રૂ. ૫૦ હજારની સહાય આપવાનો મહત્તમ નિર્ણય કર્યો છે. તેમજ બનાવમાં સંકળાયેલ આરોગ્યતંત્ર અને શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓને નોટીસ પણ આપી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને આજે અડાલજની ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુંહતું. આ પછી તેમણે ત્યાં જ શાળાના આચાર્ય અને મેડિકલ ઓફિસરને કારણદર્શક નોટીસ બજાવવાના આદેશ કર્યા હતા.

ગઈ કાલે બનેલ આ દુર્ઘટનાને પગલે પંચાયત સત્તાવાળાએ તાબડતોબ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ખાસ કિસ્સામાં રૂ. ૫૦ હજારની સહાય સ્વભંડોળમાંથી વિદ્યાર્થીના પરિવારજનોને ચુકવવા માટેના જરુરી આદેશ જારી કરી દીધા છે.


દરમિયાન શિક્ષણ વિભાગે પણ સરકારની વિદ્યાદીપ બોન્ડ યોજના અંતર્ગત સહાય ચુકવવા માટેની કાર્યવાહી હાથ ધરી દીધી છે. બીજી તરફ એન.એસ.યુ.આઈ.એ આજે ગાંધીનગર શહેર અને જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં બની રહેલી ઘટનાઓને લઈ આજે એક આવેદનપત્ર જિલ્લા કલેકટર પી. સ્વરૂપ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને આપી આ બનાવની મેજીસ્ટરીયલ તપાસની માંગ કરી છે.

એન.એસ.યુ.આઈ.એ આવેદનપત્રમાં શિક્ષણ આરોગ્ય વિભાગ એક બીજા પર દોષના ટોપલા ઢોળી રહ્યા છે ત્યારે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવા માંગ કરી છે. આવેદન પત્રમાં સ્કુલવાન કે સ્કુલ બસો દ્વારા ગતિ નિયંત્રણનો કડક અમલ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે રજુઆત કરી હતી. આવેદનપત્રમાં સ્કુલવાનોમાં આડેધડ ભરવામાં આવતા બાળકોને લઈ પણ ચિંતા વ્યકત કરવામાં આવી છે. આવેદનપત્રમાં શિક્ષણ વિભાગ બાળકોની કાળજી લેવામાં ઉણું ઉતર્યું હોવાની રજુઆત કરવામાં આવી છે.



આજ રોજ એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ મહામંત્રી અંકિત બારોટની અધ્યક્ષતામાં જિલ્લા પ્રમુખ રાજદિપસિંહ ગોલ મહામંત્રી શ્રી નિખિલ સિંઘાનિયા, જગતસિંહ બિહોલા, જયરાજસિંહ બિહોલા, રવિ રૂપાણી, અમીત પારેખ, જય પંચોલી, ગજેન્દ્રસિંહ વાઘેલા, મૌલિક ગજ્જર, નરેશ પરમાર, મિત પટેલ, જયદીપ શર્મા સહિતના એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદારો દ્વારા જિલ્લા કલેકટર, જિલ્લા શિક્ષણાધિકારીને આવેનદપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જો માંગણી નહિ સંતોષાય તો એન.એસ.યુ.આઈ. દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી હતી.





(તસવીર : દિપક જાની)

કડકડતી ઠંડીમાં શ્રમિકોને સ્વેટર વિતરણ : ગાંધીનગરના પાદરમાં નિર્માણ પામી રહેલ સંત સરોવરના શ્રમિકોને શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ સ્વેટર અને સ્કાફનું વિતરણ કરાયું હતું. શહેર વસાહત મહામંડળ અને સદ્‌વિચાર પરિવાર સંયુક્ત રીતે શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ગરીબો અને શ્રમિકોને સહાય કરે છે. ઉનાળામાં પગરખાં અને શિયાળામાં સ્વેટર વિતરણ.

# જિલ્લા તાલુકા સંગઠનમાં બાકી તમામ નિમણૂંક પ્રક્રિયા કોંગ્રેસ એક સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત કોંગ્રેસ સંગઠન માળખાને મજબુત બનાવવા માટે બાકી તમામ નિમણૂંકો આગામી એક સપ્તાહમાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે.

તાજેતરમાં દેશના પાંચ રાજ્યોની યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને મળેલા કારમા પરાજય બાદ દેશના તમામ રાજ્યોમાં પક્ષના સંગઠનને મજબૂત બનાવવા માટે દિલ્હી ખાતે કોંગ્રેસ અધ્યક્ષની ઉપસ્થિતિમાં એક બેઠક પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષો સાથે મળી હતી. આ બેઠકમાં સંગઠનની નબળાઈઓને કારણે પાંચ રાજ્યોની ચૂંટણીમાં હાર થઈ હોવાના તારણ પર આવીને આગામી લોકસભા ચૂંટણી પહેલા તમામ રાજ્યોમાં જિલ્લા તાલુકા સંગઠ્ઠનોને મજબૂત બનાવવા અને ફેરબદલો કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં નવા રચાયેલ સાત જિલ્લાઓમાં જિલ્લા પ્રમુખોની નિમણુંક બાકી છે. આ ઉપરાંત જિલ્લા તાલુકા કક્ષાએ પણ સંગઠનમાં કેટલીક નિમણૂંકો બાકી છે. આ તમામ નિમણૂંકો આગામી એક સપ્તાહમાં કરી દેવામાં આવનાર છે.

આ ઉપરાંત ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન પણ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરીને પક્ષને નુકશાન પહોંચાડવા માટે કેટલાક જિલ્લા તાલુકા પ્રમુખો સામે પ્રદેશ નેતાગીરીને ફરીયાદો મળવા પામી હતી. આથી આવા જિલ્લા તાલુકાઓમાં પણ જેમની સામે ફરીયાદો મળી છે તેમની સામે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ શિસ્તભંગના પગલા ભરીને કેટલાક જિલ્લા તાલુકા પ્રમુખોની અને અન્ય નિમણૂંકમાં પણ ફેરબદલ કરીને પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવનાર છે.

### ગૌરવ છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના જાણીતા



રેડીયોલોજીસ્ટ ડો. અસીમ શાહના પુત્ર આર્જવ શાહે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટરમાં ૯૯.૨૩ પર્સન્ટાઈલ રેન્ક મેળવી ઝળહળતો દેખાવ કર્યો છે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં અભ્યાસ કરતા આર્જવ અસીમ શાહે વિજ્ઞાનના તમામ વિષયોમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. કેમેસ્ટ્રીમાં ૯૬, ફિઝિક્સમાં ૯૮ અને બાયોલોજીમાં ૯૪ ગુણ પ્રાપ્ત કર્યા છે. કુલ ૭૦૦ માર્કસમાંથી તેણે ૬૪૩ માર્કસ મેળવી ૯૨ ટકા ગુણ મેળવ્યા છે.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ખાસ મહિલાઓની સુરક્ષા માટે

# જિલ્લા પોલીસે સોશ્યલ સાઈટ્સ વપરાશના ભયસ્થાનો બતાવતી ડોક્યુમેન્ટરી બનાવી

## ફેસબુક, વોટ્સ અપ ઉપરાંત ઈ-બેંકિંગ તેમજ એ.ટી.એમ. વાપરતી વખતે કેવી તકેદારી રાખવી તેની માહિતી વિડીયો સીડીમાં ઉપલબ્ધ : પોલીસે ચૌધરી કોલેજની વિદ્યાર્થીઓને સેમીનાર દ્વારા જાગૃત કરી

ગાંધીનગર, તા. ૧૨

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા મહિલાઓની સુરક્ષા માટે ખાસ ઈ-સિક્યુરીટી પર ભાર મુકીને સોશ્યલ સાઈટ્સ વપરાશ દરમ્યાન રહેલા ભયસ્થાનો દર્શાવતી એક ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે. ફેસબુક, વોટ્સએપ વાપરતી વખતે શુ શુ કાળજી અને તકેદારી રાખવી જોઈએ તેનો સમાવેશ તે વિડીયો સીડીમાં કરવામાં આવ્યો છે. આ ડોક્યુમેન્ટરી શહેરની ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓને આજે પોલીસ દ્વારા બતાવવામાં આવી હતી અને સાવચેત કરવામાં આવી હતી. હવે તબક્કાવાર અન્ય કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમ પોલીસ દ્વારા કરવામાં આવશે તેમ એસ.પી. શરદ સિંઘલે જણાવ્યું છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક દ્વારા મહિલા સુરક્ષાને ધ્યાને રાખીને ઈ-સીક્યુરીટી અને મોબાઈલ સિક્યુરીટી એટલે કે ફેસબુક, વોટ્સએપ, નેટ બેંકીંગ તેમજ એ.ટી.એમ. વાપરતી વખતે મહિલાઓને કેવા પ્રકારની તકેદારી રાખવી તેની વિઝ્યુલાઈક માહિતી આપતી વિડીયો સીડી બનાવવામાં આવી છે. સેક્ટર-૭ ચૌધરી કોલેજ ખાતે આજે વિદ્યાર્થિનીઓને આ ડોક્યુમેન્ટરી વિડીયો બનાવી પી.આઈ. પ્રવિણભાઈ વલેરા તથા મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. મીનાક્ષીબેન પટેલ, પીએસઆઈ મનીષા પુવાર સહિતના પોલીસ અધિકારીઓએ સાવધાન કરી યોગ્ય માહિતી પુરી પાડી હતી. આ વિડીયો દ્વારા ફેસબુક એકાઉન્ટમાં પાસવર્ડ બદલવા, ફોટો કે લોકેશન અપડેટ કરવાના ભયસ્થાન તથા સેફ્ટી વધારવા માટે મુળ જ મહત્વની ટોપ્સ આપવામાં આવી હતી. એ.ટી.એમ. તથા નેટ બેંકીંગનાં સુરક્ષીત ઉપયોગ તથા આપત્તીની પળોમાં મહિલા હેલ્પલાઈન કેવી રીતે ઉપયોગી થાય તેની માહીતી પુરી પાડવામાં આવી હતી.

### નવ નિયુક્ત પોલીસ વડા પી.સી. ઠાકુરે કાર્યભાર સંભાળ્યો



ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા તરીકે પી.સી. ઠાકુરની નિમણૂંક કરવામાં આવી છે. જેમને આજે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં પોતાની કચેરીમાં વિધિવત કાર્યભાર સંભાળ્યો. (તસવીર : વિપુલ ચૌહાણ)




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com